ગાંધીનગર સમાચાર

**સેક્ટર-૮ના એક બંગલામાં કેસીનો !**

# જિલ્લામાં ગ્રામસભા અભિયાન દરમ્યાન ૩૦૦ પ્રશ્નો રજુ થયા છે : કવાડિયા

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત વિધાનસભામાં આજે અંતિમ દિવસે પણ ગૃહના પ્રશ્નોત્તરી કાળમાં જિલ્લાના ૧૧ જેટલા પ્રશ્નો રજુ થયા હતા. આ બધા પ્રશ્નો ચર્ચામાં આવ્યા ન હતા.

● **તલાટીની ખાલી જગ્યાઓ**

કોંગીના શ્રીમતિ કામિનીબા રાઠોડે દહેગામ તાલુકામાં તલાટીકમ મંત્રીની ખાલી જગ્યાઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પંચાયત રાજ્યમંત્રીશ્રી કવાડિયાએ જણાવ્યું છે કે કુલ ૨૯ જગ્યાઓ ખાલી છે.



**વિધાનસભામાં ગાંધીનગર**
**- પ્રકાશ જહા**

આ પૈકીની ૧૧ જગ્યાઓ એક વર્ષથી ખાલી પડેલી છે. જ્યારે ૧૧ જગ્યાઓ ૧ થી ૩ વર્ષમાં ખાલી પડેલી છે અને ૭ જગ્યાઓ ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે.

**બે વર્ષમાં ૧૬૨૯ કૃષિવીજ જોડાણો જિલ્લામાં અપાયા છે : ઊર્જામંત્રી**

**૨૪ તલાટીઓને દહેગામમાં વધારાનો ચાર્જ સોંપાયેલ છે - પંચાયતમંત્રી**

તેમણે એક પૂરક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે આ ખાલી જગ્યાઓને પગલે ૨૪ તલાટીઓને વધારાનો ચાર્જ સોંપી કામગીરી લેવામાં આવી રહી છે.

આ ખાલી જગ્યાઓ બનતી ત્વરાએ ભરવામાં આવશે તેવી તેમણે હૈયાધારણ આપી છે.

● **ખનીજ ઉત્તખનન લીઝ પરમીટ**

કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં ખનીજ ઉત્તખનન માટેની લીઝ પરમીટ આપવાના પુછેલા પ્રશ્નના ઉત્તરમાં ખાણ-ખનીજ મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે ૩૧-૭-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખનીજ ઉત્તખનન માટે કોઈ લીઝ આપવામાં આવેલ નથી. પરંતુ સાદી રેતી અને સાદી માટી ખનીજની પરમીટ આપવામાં આવેલ છે.

જિલ્લામાં આવી ૧૫૮ પરમીટો આપવામાં આવેલી છે. ઉક્ત સ્થિતિએ જિલ્લામાં રોયલ્ટીની આવક રૂ. ૨૫૪.૫૨ લાખ થવા પામેલ છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૧૮૧.૯૭ લાખ, માણસા તાલુકામાં ૭.૮૧ લાખ, કલોલ તાલુકામાં ૪૮.૪૭ લાખ અને દહેગામ તાલુકામાં ૧૬.૨૭ લાખની આવક થઈ છે.

જિલ્લામાંથી ૩૯ ગેરકાયદેસર ઉત્તખનન કરતા કિસ્સાઓ નોંધાયા

● અનુસંધાન પાન-૭ પર

# સે-૧૬ના રંગમંચનું ભાડુ રૂ. ૧૦ હજાર નિયત કરાયું

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર મહાનગરપાલિકાએ સે-૧૬ના લક્ષ્મીબાઈ રંગમંચનું ભાડુ રૂ. ૧૦ હજાર નિયત કર્યું છે તેમજ આ માટે રૂ. ૧૦ હજાર ડિપોઝીટ પેટે જમા કરાવવાના રહેશે.

મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સ્થાયી સમિતિના ચેરમેન શ્રી રાકેશ પટેલે જણાવ્યું હતું કે રંગમંચના વપરાશ માટેનું વીજ બિલ તેમજ ગેસ વપરાશનું બિલ ડિપોઝીટમાંથી કાપી લઈ તે પરત કરવામાં આવશે.

રંગમંચના ભાડાને લઈ સભ્યોએ ગણગણાટ બેઠકમાં કરતાં જ પરિસ્થિતિને પામી ગયેલા ચેરમેન શ્રી રાકેશ પટેલે જણાવ્યું હતું કે આ દરમાં સુધારાને અવકાશ છે પણ કઈ કઈ બાબતોમાં છુટછાટ આપવી જોઈએ તે માટે અલગથી દરખાસ્ત તૈયાર કરી હવે પછીની બેઠકમાં આવી શકે છે તેવા સંકેતો આપી ગણગણાટને શાંત કર્યો હતો.

આજની આ બેઠકમાં સોલાર લાઈટનું ટેન્ડર મુલ્તવી રાખવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો તો

### ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ કરેલો નિર્ણય : ફિલ્ડ સ્ટાફને રૂ. ૫૦૦ની મર્યાદામાં પેટ્રોલ એલાઉન્સ અપાશે

ચોમાસાની ઋતુને લઈ ટ્રી ગાર્ડનનું ટેન્ડર મંજુર કરવામાં આવ્યું હતું.

આજની આ બેઠકમાં મનપાના ફિલ્ડ કર્મચારીઓ જે મનપાની ગાડી વાપરતા નથી તેમને રૂ. ૫૦૦ની મર્યાદામાં પેટ્રોલ એલાઉન્સ આપવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત વૃક્ષોના ટ્રીમીંગ માટે મશીન વપરાશના દર પણ નિયત કરવામાં આવ્યા છે. વૃક્ષ કટીંગ જો સરકારી સંસ્થા દ્વારા હશે તો રૂ.૧૦૦ દૈનિકના દરે તેમજ ખાનગી વ્યકિતના ત્યાં વૃક્ષ કટીંગ હશે તો એક વૃક્ષના રૂ. ૫૦ લાખે ચાર્જ વસુલવામાં આવશે.

મનપાની આજની બેઠકે પ્રતિભા શોધ કાર્યક્રમના ખર્ચને તેમજ ૧૫ ઓગષ્ટની ઉજવણી દરમિયાન થયેલ ખર્ચને પણ બહાલી આપી હતી.

સ્થાયી સમિતિની બેઠકમાં આજે વહીવટીય કામગીરીનું ભારણ વધુ હતું. આજની બેઠકમાં સબરજીસ્ટ્રાર નિમવા અંગેની દરખાસ્ત તેમજ આર.ઓ. પ્લાન્ટ અને વોટરકુલરની ખરીદી માટેની દરખાસ્તને પણ બહાલી આપવામાં આવી હતી.

# બસ વ્યવહાર શરૂ થયો પણ ડેપોમાં બહારગામના મુસાફરો અટવાયા

ગાંધીનગર તા ૨૮

એસ ટી નિગમ દ્વારા આજે

### ગાંધીનગર ડેપોમાં બહારગામની બસો માટે મુસાફરો માહીતીના અભાવે ધક્કે ચઢયા

આંદોલનના તોફાનો સમી ગયા બાદ રાબેતા મુજબ બસ સેવા શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ ગાંધીનગર ડેપોમાં ઘણાંખરા મુસાફરો બસસેવાના અભાવે અટવાયા હોવાથી આક્રોશ પ્રવર્તયો હતો. ડેપોમાંથી બહારગામના રૂટની બસોની ઈન્કવાયરી સંદર્ભે મુસાફરોને યોગ્ય જવાબ પણ આપવામાં આવતો ન હતો. જયારે અમદાવાદ સિવાયની એકપણ બસો ન દોડતા ડેપોમાં બહારગામ જતા મુસાફરોએ ધક્કે ચઢવાનો વારો આવ્યો હતો.

રાજયમાં પાટીદાર આંદોલનની આગમાં ૧૫૦ જેટલી એસ ટી બસો પણ લપેટાતા એસ ટી નિગમને કરોડો રૂપિયાનુ નુકશાન થયુ હતુ. જયારે છેલ્લા બે દિવસથી એસ ટી બસ સેવા બંધ રાખવામાં આવી હતી. જયારે ગઈકાલે એસ ટી નિગમ દ્વારા બસસેવા શરૂ કરવાની જાહેરાત

● અનુસંધાન પાન-૭ પર

# આજે બપોર બાદ રાખડી બાંધવાનુ શ્રેષ્ઠ મુહૂર્ત

**રક્ષાબંધન એટલે માત્ર ભાઇ બહેનનુ પર્વ જ નથી મહારાષ્ટ્રમાં નાળિયેરી પુનમ તરિકે ઉજવાય છે : ખેડુતો પણ હળનુ પુજન કરે છે**



ગાંધીનગર તા ૨૮

રક્ષાબંધન ભાઈ બહેનના હેતનુ પર્વ ... જો કે આ પર્વ માત્ર ભાઈ બહેનનુ જ નથી.પુરોહીત અને યજમાન પણ એકમેકની રક્ષા કાજે એકબીજાને રાખડી બાંધે છે. લક્ષ્મીજીએ બલીરાજાને રાખડી બાંધી હતી. જયારે ભગવાનને પણ છોડાવ્યા હતા. આ દિવસ સાથે બળદેવજીનો પણ મુખ્ય સંબંધ છે. ખેડુતો હળની પુજા કરે છે. મહારાષ્ટ્રમાં રક્ષાબંધનના દિવસને નાળિયેરી પુનમ તરીકે ઓળખાય છે. સમુદ્રમાં નાળિયેર પધરાવામાં આવે છે. મુખ્યત્વે ભાઈ બહેનના પર્વ તરીકે ઓળખાતા રક્ષાબંધનની ઉજવણીને અનુલક્ષી નગરજનોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહયો છે. બહેનો પણ અવનવી રાખડી ખરીદી પોતાના ભાઈની રક્ષાની ભાવના સાથે રાખડી બાંધવા માટે ઉત્સુક બની છે. રાખડી બાંધવાનુ ઉત્તમ મુહુર્ત બપોરે ૨:૫૪ મિનિટથી શરૂ થતુ હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. જયારે ભુદેવો પણ આજે જનોઇ બદલશે.

હિન્દુ સંસ્કૃતિમાં પ્રત્યેક તહેવારનુ વિશેષ મહત્વ છે. જયારે તહેવારોની ઉજવણીમાં પણ શાસ્ત્રોકત અને ધાર્મિક રીતે કોઈ અર્થ અને હેતુ સમાયેલો હોય છે. જેનાથી સમાજ જીવનને એક ઉમદા મેસેજ પણ મળતો હોય છે. રક્ષા બંધનનુ પર્વ એટલે ભાઈ બહેનના પર્વની ઉજવણી પોતાના ભાઈની રક્ષા માટે બહેન પોતાના ભાઈને રાખડી બાંધે અને તેની સામે ભાઈ પણ બહેનને ભેટ સોગાદો આપી પવિત્ર પ્રેમ અને લાગણીની અભિવ્યકિત કરે છે. ગાંધીનગરમાં પણ રક્ષાબંધનની પુર્વ સંધ્યાએ બજારમાં પણ ભીડ જોવા મળી હતી. નગરજનો રક્ષાબંધનની ઉજવણી માટે ઉત્સુક બન્યા છે. ત્યારે રક્ષાબંધનની ઉજવણીમાં મુખ્ય રાખડી બાંધવાનુ મહત્વ વિશેષ હોવાથી આ માટે મુહુર્ત પણ વિશેષ બાબત બની રહે છે. સે-૨૨ પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીજીએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે રક્ષાબંધન માત્ર ભાઈ બહેનનો

● અનુસંધાન પાન-૭ પર

# ઈન્દ્રોડા નદીમાંથી અજાણ્યા શખ્સો દશામાંની મૂર્તિ બે ટેમ્પા ભરી લઈ ગયા

ગાંધીનગર તા.૨૮

પવિત્ર શ્રાવણ માસના પ્રારંભે શ્રધ્ધાળુ ભાઈ બહેનો દશામાંનું વ્રત કરે છે.માતાજીની સ્થાપના રંગે ચંગે કરી દશ દિવસ સુધી પૂજા-અર્ચના કરી માં ની આરાધના કરે છે. વ્રત પૂર્ણ થતાં દશ દિવસ બાદ ભકતો માતાજીને ભારે હૈયે વિદાય આપી દશામાંની મૂર્તી પાણીમાં વિસર્જન કરે છે....પછી શું...

ઈન્દ્રોડા ગામે સાબરમતિ નદીમાં વિસર્જન કરેલી મૂર્તી કે જેમાં કલર જતો રહ્યો હોય ,સામાન્ય તુટી ગઈ હોય તેવી મૂર્તી બે ટેમ્પા ભરી કેટલાંક વેપારીઓ લઈ ગયા છે.દશામાં ની મૂર્તી સામાન્ય સમારકામ કરી વેપારીઓ આવતા વર્ષે ફરી વેચશે શુ... વિસર્જન કરેલી મૂર્તી લઈ જતાં શ્રધ્ધાળુઓમાં દુખની લાગણી પ્રસરી ગઈ છે.

જિલ્લાભરમાં દશામાનું વ્રત કરતા ભકતોમાં મૂર્તિ વિસર્જન માટે ઈન્દ્રોડા ગામેથી પસાર થતી સાબરમતી નદીનો પટ સૌથી વધુ પસંદગી પામ્યો છે. ગામના યુવાનો સુંદર આયોજન કરી સરસ કામગીરી બજાવે છે. તાજેતરમાં દશામાં નું વ્રત પૂર્ણ થતાં હજ્જારો ભકતો માતાજીની મૂર્તી વિસર્જન કરવા માટે ઈન્દ્રોડા સાબરમતિ નદીના કિનારે આવ્યા હતા. અને વિસર્જન કરીને પરત ફર્યા હતા.

નદીના પટમાં માતાજીની હજ્જારો મૂર્તી પડી હતી. પરંતુ વિસર્જનને માંડ બે ત્રણ દિવસ થાયા છે. ત્યાં નદીમાંથી રાત્રીના સુમારે કેટલાંક વેપારીઓ બે ટેમ્પા ભરી દશામાંની મૂર્તી લઈ ગયા છે. સામાન્ય તુટેલી,કલર ગયો હોય,તેવી નાની મોટી મૂર્તી કે જે સામાન્ય મરામત કરી આવતા વર્ષે ફરી નવી બનાવી બજારમાં વેચાણ અર્થે મુકશે. તેમજ વ્રત કરનારા લોકો હોશે હોશે ખરીદી કરશે.અને આવા વેપારીઓને તગડી કમાણી પણ કરાવશે. કેટલાય વર્ષો થી વેપારીઓ આવી કરતુત કરતા હશે. વેપારીઓની આવી હકીકત જાણી ભક્તોમાં નિરાશા વ્યાપી ગઈ છે.તેમજ નદીમાંથી મૂર્તી લઈ જતા આવા વેપારીઓ સામે કડક કાર્યવાહી થાય તેમ ભકતો ઈચ્છી રહ્યા છે.શ્રધ્ધાળુઓની આસ્થા સાથે ખેલતા વેપારીઓ સામે ચારે તરફથી ફિટકાર વરસી રહ્યો છે.

# સેક્ટર-૮ના એક બંગલામાં કેસીનો !

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં પોશ વિસ્તાર ગણાતા સેક્ટર-૮માં કે જ્યાં ઉચ્ચ અધિકારીઓ અને મંત્રીઓના બંગલાઓ છે ત્યાં જ એક ભાડાના બંગલામાં કસીનો શરૂ કરી દેવાયો હોવાની વિગતો સાંપડી છે. દરરોજ વેપારીઓની ભેદી અવર-જવર જોઈને જાગૃત સક્રીય નાગરીકે આજે તેમને પકડ્યા ત્યારે નાસભાગ મચી ગઈ અને સમગ્ર ભાંડો ફુટ્યો હતો. એક આઈએફએસ ઓફીસરના ભાડે લીધેલા બંગલામાં ફોરનર એમ્પ્લોય રહે છે. તે બહાર હોય ત્યારે તેની જ એક પરપ્રાંતિય એટેન્ડન્ટ યુવતીએ જુગારધામ શરૂ કરી દીધુ હોવાની સનસની હકીકત ખુલી છે. આ યુવતી પોતાની લક્ઝુરીયસ કારમાં વેપારીઓને લેવા જતી અને વેપારીઓની કાર દૂર મુકાવતી હતી. જેથી કોઈને શંકા ન જાય...!

### આઈએફએસ ઓફીસરનો બંગલો એક કોર્પોરેશને ભાડે રાખ્યો... ફોરેનર એમ્પ્લોયને રહેવા આપ્યો... તેની જ એટેન્ડન્ટ યુવતીએ બંગલામાં જુગાર શરૂ કરાવી દીધો : કડીના વેપારીઓને ગાડીઓ દુર મુકાવી યુવતી પોતાની લક્ઝુરીયસ કારમાં બંગલે લઈ જતી : જાગૃત નાગરીકે જુગારીઓને પડકાર્યા ને ભાગદોડ મચી ગઈ..!

આધારભુત સુત્ર પાસેથી મળતી માહિતી મુજબ સેક્ટર-૮માં એક આઈએફએસ અધિકારીનો બંગલો છે. જેને એક કોર્પોરેશને ભાડે લીધો છે. આ બંગલામાં તે કોર્પોરેશનના ફોરેનર એમ્પ્લોય રહે છે. હાલ ફોરેનર એમ્પ્લોય પણ બહારગામ છે. ફોરેનર એમ્પ્લોય સાથે એક પરપ્રાંતિય યુવતી એટેન્ડન્ટ રહે છે. કદાચ જેને બંગલો ભાડે અપાયો છે તે કોર્પોરેશન અને ફોરેનર એમ્પ્લોયની જાણ બહાર જ આ એટેન્ડન્ટ યુવતીએ બંગલાને કસીનો બનાવી દીધો છે. ઘણાં દિવસોથી આ બંગલામાં ભેદી અવર-જવર જણાતા આજે સવારે એક જાગૃત નાગરીકે રૂબરૂ તપાસ કરીને ટોળકીને પકડી હતી. જેમની પાસે લાખોની કેશ હતી. જાગૃત નાગરિકે પડકારતા ૧૨થી ૧૫ વેપારીઓ જે હાજર હતા તે ફફડી ગયા અને પોપટની જેમ બોલવા લાગ્યા કે તેઓ આ બંગલામાં જુગાર રમવા માટે આવે છે અને કડી વિસ્તારના વેપારીઓ છે. એટેન્ડન્ટ યુવતી જગ્યા પ્રોવાઈડ કરે છે. કોઈને શંકા ન જાય તે માટે આ યુવતી વેપારીઓને પોતાની ગાડીઓ દૂર પાર્ક કરાવતી હતી અને તે સ્થળેથી યુવતી પોતાની જ લક્ઝુરીયસ કારમાં વેપારીઓને કસીનો બનાવી મુકેલા બંગલા સુધી લઈ આવતી હતી. આ સમગ્ર ભાંડો વેપારીઓએ જ ફોડ્યો અને સ્થળ છોડીને હાર-જીતનો ખેલ ખેલવા આવતા વેપારીઓ ફરાર થઈ ગયા હતા...!



નોંધવું રહેશે કે હાઈપ્રોફાઈલ જુગારધામ-સટ્ટા, દેહ વ્યાપાર, શરાબ-શબાબ અને કબાબની મહેફીલો પોશ વિસ્તારોમાં વધુ થવા લાગી છે કેમ કે અહી બંગલાઓ સરળતાથી ભાડે મળી જાય છે. જેની ભાડાની કિંમત વધુ હોય છે પરંતુ આવા તત્વો પહોંચી વળે છે. અને મોટો ફાયદો એ કે પોલીસ પણ આવા વિસ્તારોમાં પંજો મારતા દસ વાર વિચાર કરે છે..! જો કે આ કિસ્સામાં તો કદાચ પોલીસને સ્વપ્રમાં પણ ખ્યાલ ન હતો કે અહીં બંગલાને એક એટેન્ડન્ટે કસીનો બનાવી મુક્યુ હશે...!


રક્ષાબંધન અને જન્માષ્ટમી નિમિત્તે હોલસેલ ભાવે જ **મેઘા સેલ**

તા. ૨૮-૨૯-૩૦ ઓગસ્ટ, ૨૦૧૫

સમય : સવારે ૧૦-૦૦ થી રાત્રે ૯-૦૦ વાગ્યા સુધી

૫૦૦ની ખરીદી પર ૧ લેગીંસ ફ્રી, ખરીદી કરો ૧૦ લેગીંસ ૧ લેગીંસ ફ્રી ● લેડીઝ ટીશર્ટ - ૩ નંગ ૨૫૦માં

● કોટન કુર્તી ● લોન્ગ કુર્તી ● અનારકલી ● પટીયાલા કુર્તી ● બ્રાન્ડેડ ટી-શર્ટ ● વેસ્ટર્ન ટોપ ● લોન્ગ ટી-શર્ટ ● સાદી ટી-શર્ટ ● લોન્ગ વેસ્ટર્ન ● જમ્પ શુટ ● લેગીન્સ, નેટવાળી લેગીન્સ અને નેટવાળી કેપ્રી ● જેગીન્સ ● જીન્સ પેન્ટ ● એમ્બોસ પેન્ટ ● ચેન એન્કલ પેન્ટ ફક્ત રૂ. ૨૦૦ ● પ્લાઝો ● કેપ્રી ● હેરમ ● શોર્ટી ● ટી બેગ ● બલુન ટી-શર્ટ ● કોટન શર્ટ ● નાની લેગીંસ ટી-શર્ટ પેન્ટ મળશે (બધા જ દિવસ સેલ ચાલુ)

આ બધી જ આઈટમો બધી જ સાઈઝમાં ઉપલબ્ધ

**આસ્થા એન્ટરપ્રાઈઝ**

બી-૪૮૫, ૨૪ ચોકડી, બજાજ બાઈક શો-રૂમ પાસે, સેક્ટર-૨૩, ગાંધીનગર. મો. : ૯૭૨૬૪ ૫૬૨૨૮



ADITYA BIRLA GROUP

લીકેજ-મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY Total Waterproofing Solution

Waterproofing ka champion

**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**

કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.

મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.



SANGHI CEMENT · KisaN · ashirvad · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com